શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



TATA SHAKTEE GC SHEET · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ પાંચમ મંગળવાર ૭ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૯

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦


## ક્રૂડમાં ભડકો: બ્રેન્ટ $110 અને WTI $115 ને પાર

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ખોલવા માટે મંગળવાર સુધીની આખરી સમયમર્યાદા આપતા જ વૈશ્વિક તેલ બજારમાં ગભરાટ ફેલાયો છે. આ નવી ધમકીને પગલે બ્રેન્ટ ક્રૂડ $1.71 વધીને $110.74 પ્રતિ બેરલ પર પહોંચ્યું છે, જ્યારે યુએસ બેન્ચમાર્ક WTI $115 ની નજીક ટ્રેડ થઈ રહ્યું છે, જે 2009 પછીનું સર્વોચ્ચ સ્તર છે. ઈરાને મહત્વપૂર્ણ જળમાર્ગ પર નિયંત્રણ મેળવી માત્ર મર્યાદિત જહાજોને જ મંજૂરી આપતા સપ્લાય ચેઈન ઠપ્પ થઈ છે. છેલ્લા એક સપ્તાહમાં WTI ના ભાવમાં 17% અને બ્રેન્ટમાં 8% નો ઉછાળો નોંધાયો છે. ઘરઆંગણે MCX પર પણ ક્રૂડ તેલના ભાવ 10,422 સુધી પહોંચ્યા હતા. જોકે, સીઝફાયરની ચર્ચાઓ તેજ થતા દિવસના અંતે થોડી મુનાફાવસૂલી જોવા મળી હતી.

બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, જો યુદ્ધ તીવ્ર બનશે તો સાઉદી અરેબિયાની દૈનિક 7 મિલિયન બેરલની નિકાસ અને રેડ સી ઓઈલ ટ્રાફિક જોખમમાં મુકાશે. એશિયન દેશો હવે મધ્ય પૂર્વના બદલે અમેરિકા તરફ વળતા WTI પ્રીમિયમમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિ ફુગાવો વધારી વૈશ્વિક આર્થિક વૃદ્ધિને નબળી પાડી શકે છે.






ઈઝરાયેલનો ઈરાનના સૌથી મોટા ગેસ ફિલ્ડ પર ભીષણ હુમલો; હોર્મુઝ ખોલવા અપાયેલું અલ્ટીમેટમ પૂર્ણ થવામાં હવે ગણતરીના કલાકો જ બાકી

# 45 દિવસ યુદ્ધવિરામનો પ્રસ્તાવ ઈરાને ફગાવ્યો

**યુદ્ધવિરામને** બદલે યુદ્ધના કાયમી અંતની માગ કરી, પાકિસ્તાન મારફતે જવાબ મોકલાવ્યો

**ઇરાને** દસ શરતો મૂકી, ગાઝા અને લેબેનોનમાં પણ હુમલાઓના અંતની માગ

**હંગામી** યુદ્ધ વિરામ માટે હોર્મુઝની ખાડીનો માર્ગ ખોલશે નહીં, ઇઝરાયેલના હાઇફા શહેરમાં ઇરાનના હુમલામાં ચારનાં મોત

**દુબઈ, તા. 6 (AP):** ઈરાને સોમવારે યુદ્ધવિરામના નવીનતમ પ્રસ્તાવને ફગાવી દીધો હતો અને તેના બદલે યુદ્ધનો કાયમી અંત લાવવાની માંગ કરી હતી, જ્યારે કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું હોર્મુઝની સામુદ્રધૂનિ ખોલવા માટેનું ઈરાનને અપાયેલું અલ્ટીમેટમ પૂર્ણ થવામાં હવે ગણતરીના કલાકો જ બાકી છે.

ઈરાનની સરકારી સમાચાર સંસ્થા 'IRNA'એ જણાવ્યું હતું કે તેહરાને પોતાનો જવાબ મુખ્ય મધ્યસ્થી એવા પાકિસ્તાન દ્વારા મોકલી આપ્યો છે. કાહિરામાં ઈરાની રાજદ્વારી મિશનના વડા મોજતબા ફેરદૌસી પોરે 'ધ એસોસિએટેડ

...અનુસંધાન પાના 13 પર



## ઇરાનમાં એક રહેણાક ઇમારત પર હુમલામાં ૧૩નાં મોત

**તહેરાન.** ઈરાનના પાટનગર તેહરાનની દક્ષિણ-પશ્ચિમે આવેલા એક શહેરમાં સોમવારે વહેલી સવારે થયેલા હવાઈ હુમલામાં એક રહેણાંક ઈમારત ધરાશાયી થઈ હતી, જેમાં ઓછામાં ઓછા 13 લોકોના મોત થયા હોવાનું ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો છે. અર્ધ-

...અનુસંધાન પાના 13 પર

## ઇરાનના ગુપ્તચર વડાને મારી નાખ્યા હોવાનો ઇઝરાયેલનો દાવો

**દુબઈ.** ઈઝરાયેલ દ્વારા સોમવારે જણાવવામાં આવ્યું હતું કે તેણે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના ઈન્ટેલિજન્સ ચીફને ઠાર કર્યા છે. સંરક્ષણ મંત્રી ઇસરાઇલ કાત્ઝે આ જાહેરાત કરી હતી. કાત્ઝે જણાવ્યું હતું કે, રિવોલ્યુશનરી ગાર્ડ નાગરિકો પર ગોળીબાર કરી રહ્યા છે અને અમે આ આતંકવાદીઓના નેતાઓને

...અનુસંધાન પાના 13 પર

## ઢાકામાં ઈંધણની તંગીની બોલતી તસવીર



■ યુદ્ધને પગલે બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં ઈંધણની તંગી અને સપ્લાયની અછત વચ્ચે એક ગેસ સ્ટેશનનું દૃશ્ય છે, જ્યાં વાહનોની અનંત લાઇન જોવા મળી રહી છે. લોકો પોતાના વાહનોમાં ગેસ કે પેટ્રોલ ભરાવવા માટે કલાકો સુધી રાહ જોઈ રહ્યા છે, જે દેશમાં પ્રવર્તી રહેલી ગંભીર એનર્જી કટોકટીનો ચિતાર આપે છે.

## ટ્રમ્પ લાલઘૂમ: તેમણે મોટી કિંમત ચૂકવવી પડશે

**મને** તક મળે તો હું ઈરાનના તેલના કુવાઓ પર કબજો કરી લઉં અને તેના દ્વારા પુષ્કળ પૈસા કમાઉં: ટ્રમ્પ

**જો** અમેરિકા અત્યારે હુમલો કરે તો ઈરાનને બેઠું થતા 15 વર્ષ લાગી શકે છે: ટ્રમ્પ

**મંગળવાર** રાત સુધીમાં સમજૂતી નહીં થાય તો તેના ગંભીર પરિણામો આવશે

**વોશિંગ્ટન, તા. 6:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પ્રત્યે કડક વલણ અપનાવતા ચેતવણી આપી છે કે જો ઈરાન કરાર કરવામાં નિષ્ફળ રહેશે તો તેણે 'મોટી કિંમત ચૂકવવી પડશે.' વ્હાઈટ હાઉસની બહાર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે મંગળવારની સમયમર્યાદા અંતિમ છે અને તેને લંબાવવાની શક્યતા નહિવત્ છે.

આ વિવાદ ત્યારે વકર્યો જ્યારે ઈરાને પાકિસ્તાન મારફતે અમેરિકાના યુદ્ધવિરામ પ્રસ્તાવને સત્તાવાર રીતે ફગાવી દીધો. ઈરાને કામચલાઉ શાંતિના બદલે કાયમી યુદ્ધના અંતની માગ કરી છે અને 10 મુદ્દાઓનું માળખું રજૂ કર્યું છે, જેમાં પ્રતિબંધો હટાવવા અને હોર્મુઝની સામુદ્રિક ધુનીમાં સુરક્ષિત અવરજવરની ખાતરીનો સમાવેશ થાય છે.

ટ્રમ્પે આક્રમક ભાષામાં કહ્યું કે, જો તેમને તક મળે તો તેઓ ઈરાનના તેલના કુવાઓ પર કબજો કરી લે અને તેના દ્વારા પુષ્કળ પૈસા કમાય. ટ્રમ્પના મતે ઈરાનના લોકો હવે આઝાદી ઈચ્છે છે અને ત્યાંની પરિસ્થિતિ એવી છે કે લોકો શાસનમાં મોટો બદલાવ જોવા માંગે છે

ટ્રમ્પે કહ્યું, 'અમે ઈરાનને પરમાણુ હથિયાર મેળવવાની મંજૂરી આપી શકીએ નહીં. ત્યાંના શાસકો પાગલ છે અને આપણે તેમને રોકવા જ

...અનુસંધાન પાના 13 પર



## દિલ્હી ડાયરી

### તાતા ગ્રુપમાં વર્ચસ્વનો સંઘર્ષ

તાતા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનના કાર્યકાળ અંગે ચાલી રહેલી ખેંચતાણ અને તાજેતરમાં તાતા ટ્રસ્ટના સભ્યોને હટાવવાનો વિવાદ, ૨૦૨૪માં રતન તાતાના નિધન બાદ ભારતની આ પ્રતિષ્ઠિત કોર્પોરેટ સંસ્થામાં સત્તા માટેના સંઘર્ષના સંકેત આપે છે. આ એક એવી પરિસ્થિતિ છે જેની કલ્પના સ્વર્ગસ્થ સાયરસ મિસ્ત્રીએ અગાઉથી જ કરી હતી. મિસ્ત્રીએ રતન તાતાને તાતા ગ્રુપના સંસ્થાકીયકરણના મહત્ત્વ વિશે ચેતવણી આપી હતી, જેથી તે ભૂતકાળની જેમ કોઈ એક વ્યક્તિ દ્વારા ન ચલાવવામાં આવે. ભૂતકાળમાં જે.આર.ડી. તાતા અને રતન તાતા પ્રત્યેના ભારે આદરને કારણે તે શક્ય હતું. મિસ્ત્રી માનતા હતા કે જ્યારે સભ્યો વચ્ચે વિવાદ થાય ત્યારે તેનો ઉકેલ લાવવા માટે એક સ્પષ્ટ વ્યવસ્થા હોવી જોઈએ. જ્યારે રતન તાતાએ તેમના સૂચનને ગંભીરતાથી ન લીધું, ત્યારે મિસ્ત્રીએ પોતે તાતા સન્સ અને કાર્યકારી કંપનીઓની

...અનુસંધાન પાના 13 પર

તા. ૦૬-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૩.૫° સે. | ૨૩.૯° સે. | ૫૧% |

**કસ્ટડીમાં પિતા-પુત્રનાં મોતનો લોકડાઉન વખતનો કેસ**

# તમિલનાડુના નવ પોલીસ કર્મચારીને ફાંસીની સજા

**2020માં** લોકડાઉનના નિયમોના ભંગ બદલ પિતા-પુત્રને પોલીસે પકડી જેલમાં તેમની સાથે ક્રૂરતાની તમામ હદો વટાવી હતી

**અદાલતે** આ ઘટનાને અત્યંત ક્રૂરતા અને સત્તાના દુરુપયોગનો 'રેરેસ્ટ ઓફ રેર' કિસ્સો ગણાવ્યો



**ચેન્નાઈ, તા. 6:** મદુરાઈ ખાતેની મદ્રાસ હાઈકોર્ટની બેન્ચે સોમવારે ચુકાદો આપતા 2020ના સાથનકુલમ કસ્ટોડિયલ ડેથ કેસમાં તમિલનાડુના 9 પોલીસકર્મીઓને ફાંસીની સજા ફટકારી છે. અદાલતે આ ઘટનાને અત્યંત ક્રૂરતા અને સત્તાના દુરુપયોગનો 'રેરેસ્ટ ઓફ રેર' (દુર્લભથી અતિ દુર્લભ) કિસ્સો ગણાવ્યો છે. 6 વર્ષની લાંબી કાનૂની લડત બાદ જજ જી. મુથુકુમારને તમામ 9 આરોપીઓને 59 વર્ષીય વેપારી પી. જયરાજ અને તેમના 31 વર્ષીય પુત્ર જે. બેનિક્સની હત્યા અને ગુનાહિત કાવતરા માટે દોષિત ઠેરવ્યા હતા. સીબીઆઈની દલીલોને ગ્રાહ્ય રાખતા કોર્ટે સ્વીકાર્યું કે આ કસ્ટોડિયલ ટોર્ચર પૂર્વ આયોજિત હતું અને આખી રાત અત્યંત નિર્દયતાથી આચરવામાં આવ્યું હતું, જે મહત્તમ સજાને પાત્ર છે. સજા પામેલાઓમાં ઈન્સ્પેક્ટર એસ. શ્રીધર, સબ-ઈન્સ્પેક્ટર રઘુ ગણેશ અને બાલકૃષ્ણન સહિત અન્ય કોન્સ્ટેબલોનો સમાવેશ થાય છે. આ કેસના 10મા આરોપી સ્પેશિયલ સબ-ઈન્સ્પેક્ટર પાલદુરાઈનું ટ્રાયલ દરમિયાન કોવિડ-19થી મૃત્યુ થયું હતું. આ કરુણ ઘટના 19 જૂન,

...અનુસંધાન પાના 13 પર

માલદામાં જજ પરના હુમલાની તપાસ NIAને સોંપાઈ

# સુપ્રીમનો બંગાળ સરકાર પર પ્રહાર

**રાજ્યના** સરકારી તંત્રમાં રાજકારણની ભેળસેળ થઇ ગઇ છે

**બંગાળ** પોલીસ પર ભરોસો કરી શકાય તેમ નથી તેથી એનઆઇએ તપાસ કરે

**નવી દિલ્હી, તા. 6:** સુપ્રીમ કોર્ટે સોમવારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને માલદામાં સાત અદાલતી અધિકારીઓના ઘેરાવ સંબંધિત કેસો હાથમાં લેવાનો આદેશ આપતા અવલોકન કર્યું હતું કે, અમલદારશાહીની વિશ્વસનીયતા ઘટી રહી છે અને પશ્ચિમ બંગાળના સચિવાલય તથા સરકારી કચેરીઓમાં રાજકારણ ભેળવવામાં આવી રહ્યું છે.

ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે બંધારણની કલમ 142 હેઠળ તેની પૂર્ણ સત્તાનો ઉપયોગ કરીને 1 એપ્રિલની ઘટના સંબંધિત લગભગ 12 કેસો ટ્રાન્સફર કર્યા હતા, કારણ કે રમખાણ એ NIA એક્ટ હેઠળ અનુસૂચિત ગુનો નથી. બેન્ચે મુખ્ય સચિવને કહ્યું, આ પશ્ચિમ બંગાળના વહીવટીતંત્રની સંપૂર્ણ નિષ્ફળતા છે. પશ્ચિમ બંગાળની અમલદારશાહીના વરિષ્ઠ અધિકારીઓની વિશ્વસનીયતા કેવી છે? તે ઘટી રહી છે. રાજ્યના સચિવાલય અને સરકારી કચેરીઓમાં રાજકારણ લાવવામાં આવી રહ્યું છે. કોર્ટે નોંધ્યું હતું કે સ્થાનિક પોલીસ અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો છે અને જ્યારે ન્યાયિક અધિકારીઓનો

...અનુસંધાન પાના 13 પર

### ચીફ જસ્ટિસના પણ ફોન ઉપાડતા નથી?: બંગાળના મુખ્ય સચિવને સુપ્રીમે ખખડાવ્યા

અદાલતે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ દુષ્યંત નારિયાલાને ખખડાવતા તેમને કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની માફી માંગવા જણાવ્યું હતું, કારણ કે તેમણે ઘટનાના દિવસે તેમના ફોન ઉપાડ્યા નહોતા. બેન્ચે કહ્યું, તમારી સુરક્ષા થોડી ઘટાડો જેથી કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જેવા સામાન્ય માણસ તમારા સુધી પહોંચી શકે. એમ સુપ્રીમ કોર્ટે તેમને ખખડાવતા કહ્યું હતું. નોંધનીય છે કે અદાલતે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ ઉપરાંત DGPને પણ ઠપકો આપ્યો હતો, કારણ કે ન્યાયિક અધિકારીઓના ઘેરાવ દરમિયાન તેમણે કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની અપીલનો જવાબ આપ્યો ન હતો. ચીફ જસ્ટિસે કડક શબ્દોમાં કહ્યું, તમે એટલા વ્યસ્ત છો

...અનુસંધાન પાના 13 પર

# દિલ્હી વિધાનસભા પરિસરમાં સુરક્ષા ઘેરો તોડીને કાર ઘૂસાડી દેવાઈ

**કારનો** ડ્રાઇવર સ્પીકરની કારમાં એક ગુલદસ્તો મૂકીને પોતાની કાર લઇને ભાગી ગયો

**ત્રણ** શકમંદોની અટકાયત, કાર જપ્ત કરાઇ, ગુલદસ્તામાંથી કશું શંકાસ્પદ મળ્યું નહીં, તપાસ ચાલુ

**નવી દિલ્હી, તા. 6 (PTI):** દિલ્હી વિધાનસભામાં સુરક્ષામાં એક મોટી ચૂક ત્યારે જોવા મળી જ્યારે સોમવારે બપોરે એક માસ્ક પહેરેલો શખ્સ એસયુવી કાર લઈને એક બાઉન્ડરી ગેટની અંદર ઘૂસી ગયો હતો. આ વ્યક્તિ સ્પીકરની ઓફિસ બહાર ફૂલોનો ગુલદસ્તો મૂકીને ફરાર થઈ ગયો હતો, જેના કારણે હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. બાદમાં પોલીસે ઉત્તર દિલ્હીમાંથી

...અનુસંધાન પાના 13 પર



# અરુણાચલના CM ખાંડુના પરિવારની કંપનીઓને કોન્ટ્રાક્ટ ફાળવણીની તપાસ થશે

**આરોપ છે** કે છેલ્લા 10 વર્ષમાં સીએમ ખાંડુના પરિવારના સભ્યો સાથે સંકળાયેલી કંપનીઓને 1,270 કરોડના સરકારી કોન્ટ્રાક્ટ અપાયા

**નવી દિલ્હી, તા. 6 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે એક મહત્વનો આદેશ આપતા અરુણાચલ પ્રદેશમાં મુખ્યમંત્રી પેમા ખાંડુના પરિવારની માલિકીની કંપનીઓને જાહેર કામોના કોન્ટ્રાક્ટ આપવાના મામલે સીબીઆઈને બે અઠવાડિયામાં પ્રાથમિક તપાસ નોંધવા આદેશ આપ્યો છે.

જસ્ટિસ વિક્રમ નાથની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું કે આ તપાસ 1 જાન્યુઆરી, 2015થી 31 ડિસેમ્બર, 2025 સુધીના સમયગાળા દરમિયાન રાજ્યમાં આપવામાં આવેલા જાહેર કામો, કોન્ટ્રાક્ટ અને વર્ક ઓર્ડરના અમલીકરણને આવરી લેશે.

અદાલતે સીબીઆઈને આ મામલે 16 અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા પણ આદેશ આપ્યો છે. સુનાવણી દરમિયાન કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે છેલ્લા 10 વર્ષમાં અરુણાચલ પ્રદેશમાં મુખ્યમંત્રી ખાંડુના પરિવારના સભ્યો સાથે સંકળાયેલી ચાર કંપનીઓને અંદાજે 1,270 કરોડ રૂપિયાના સરકારી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા.

સીબીઆઈ ખાસ કરીને એ તપાસશે કે ટેન્ડર પ્રક્રિયા કેમ ટાળવામાં આવી, કોન્ટ્રાક્ટર કંપનીઓના અસલી માલિકો કોણ

...અનુસંધાન પાના 13 પર